જુન-૨૦૧૬, અંક નં. ૧૦ ઈ-ન્યુઝલેટર

# સ્માર્ટ રાજકોટ

## આ અંકની હાઈલાઈટસ

- રાજકોટની તમામ સ્ટ્રીટલાઈટને L.E.D.માં કન્વર્ટ કરવા જંગી પ્રોજેકટ
- એડવાન્સ ટેકસ વળતર યોજના : મે માસમાં ૧.૬૧ લાખથી વધુ લોકોએ લાભ લીધો
- ગુજરાત સ્ટેટ સબ જુનિયર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં રાજકોટનો શાનદાર દેખાવ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેકસ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮





### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વધુ એક પ્રોજેકટ સંપન્ન

# "મુખ્યમંત્રી ગૃહ યોજના"ના લાભાર્થીઓને આવાસ સુપ્રત

ગુજરાત સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં વાજબી કિંમતના આવાસોની જરૂરિયાતને ધ્યાનમાં લઇ ૧૨મી પંચવર્ષિય યોજના દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજનાની વર્ષમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો (EWS) માટે ઓછી આવક ધરાવતા વર્ગના લોકો (LIG) માટે આવાસ યોજનાઓને પ્રોત્સાહન અને સહાય આપવાનું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૫માં 'પ્રધાનમંત્રી આવાસ યોજના' અંતર્ગત હાઉસિંગ ફોર ઓલનું મિશન જાહેર કરવામાં આવેલ છે. આ મિશન અન્વયે ૨૦૧૬-૨૦૨૨ દરમિયાન ઘર વિહોણા સૌ માટે ઘરનું ઘર લક્ષ્ય રાખવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ''મુખ્યમંત્રી ગૃહ યોજના'' હેઠળ EWS અને LIG કેટેગરીમાં તૈયાર કરાયેલા આવાસોનું તા. ૮-૬-૨૦૧૬ ના રોજ લોકાર્પણ કેન્દ્રના શહેરી વિકાસ, હાઉસિંગ અને શહેરી ગરીબી નિર્મૂલન તથા સંસદીય બાબતોના માન. મંત્રીશ્રી વેંકૈયા નાયડુના વરદ હસ્તે થયું હતુ.

**કેન્દ્રના શહેરી વિકાસ, હાઉસિંગ અને શહેરી ગરીબી નિર્મૂલન તથા સંસદીય બાબતોના માન. મંત્રીશ્રી વેંકૈયા નાયડુના વરદ હસ્તે લોકાર્પણ**



મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો (EWS) માટે ૩૮૦૬ અને ઓછી આવક ધરાવતા લોકો (LIG) માટે ૨૧૫૬ એમ કુલ ૫૯૬૨ આવાસોની કામગીરી હાથ ધરેલ છે.

આ પૈકી હાલ EWS પ્રકારના ૮૧૦ અને LIG પ્રકારના ૭૨૮ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેની પ્રોજેક્ટ કોસ્ટ આશરે રૂા. ૧૨૨ કરોડ થાય છે. આ યોજનામાં આવાસ ઉપરાંત શોપિંગ સેન્ટર અને કોમ્યુનિટી હોલનું પણ પ્રયોજન કરવામાં આવેલ છે. આ યોજના માટે રાજય સરકાર દ્વારા ઉપરોકત ૧૫૩૮ આવાસો માટે રૂા.





૧૯.૪૩ કરોડની ગ્રાન્ટ આપવામાં આવેલ છે. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ઉપરોકત ૧૫૩૮ આવાસો માટે રૂા. ૧૯.૪૩ કરોડની ગ્રાન્ટ આપવામાં આવેલ છે. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૬ઈ૦૮ કરોડની ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સને ૧૯૭૩ થી ૨૦૧૧ સુધીમાં આવશે ૧૩,૦૦૦ આવાસોનું નિર્માણ કરેલ. જયારે સને ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીમાં ટુંકાગાળામાં સરકારશ્રી ની જુદી-જુદી યોજનાઓ અંતર્ગત ૧૧,૦૦૦ આવાસોનું આયોજન કરીને કામગીરી શરૂ કરેલ છે.

રાજય સરકાર PPP પોલીસી ૨૦૧૩ અંતર્ગત જુદા-જુદા ૧૧ સ્લમ વિસ્તારો માટે ઈનસીટુ રી-ડેવલપમેન્ટ કેટેગરી અંતર્ગત નોંધપાત્ર કામગીરી કરેલ છે. જેમાં હાલ સુધી આશરે ૩૦૦૦ જેટલા લાભાર્થીઓને જે-તે જગ્યાએ પોતાની માલિકીનું મફત મકાન આપવાની વ્યવસ્થા છે. તેમજ રાજકોટ મહાનગરપાલિકાને રૂા. ૩૦૦ કરોડ જેટલી મતબર રકમ લેન્ડ પ્રીમીયમના રૂપે મળેલ છે. આ ઉપરાંત રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂા. ૧-૧ લાખની સહાય મંજુર થયેલ છે.

મુખ્યમંત્રી ગૃહ યોજના ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજીવ આવાસ યોજના અંતર્ગત ૮૩૩ આવાસો તેમજ JnNURM-BSUP અંતર્ગત ૧૫૧૨ આવાસોની કામગીરી પૂર્ણતાને આરે છે અને સફાઇ કામદારો માટે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ૫૧૨ મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

આવાસ યોજના ઉપરાંત NULM-GULM અંતર્ગત ઘરવિહોણા લોકો માટે ડોર્મીટરી બનાવવાની કામગીરી પૂર્ણતાને આરે છે. જેમાં સ્ત્રી અને પુરુષો માટે જુદા-જુદા ૨૨૪ બેડની વ્યવસ્થા કરજામાં આવેલ છે. આ પ્રોજેકટ માટે રાજય અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા ૧૦૦% ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાદયાયના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના રાજય કક્ષાના નાણા મંત્રી માન. શ્રી જયંત સિન્હા, રાજય સભાના સાસંદ શ્રી મનસુખભાઇ માંડવીયા, વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના માન. મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, શ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ સ્ટે. ચેરમેનશ્રી કમલેશભાઇ મીરાણી તથા શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ ડે. મેયરશ્રી ભીખાભાઇ વસોયા, સ્ટે. ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા, ડે. મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડીયા, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠીયા વગેરે ઉપસ્થિત રહેલ હતા.











ઉર્જા સંરક્ષણ

# રાજકોટની તમામ સ્ટ્રીટલાઈટને L.E.D.માં કન્વર્ટ કરવા જંગી પ્રોજેક્ટ

રાજકોટ શહેર સ્માર્ટ સીટી તરીકે પસંદગી થયેલ છે ત્યારે સ્માર્ટ સીટીના માપદંડના ભાગરૂપે તથા શહેરની આગવી ઓળખ માટે ઉર્જા બચત અને ઉર્જા સંરક્ષણ હેઠળ શહેરની હયાત તમામ સ્ટ્રીટલાઇટ અને એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઇટથી ESCO (Pay From Savings)નાં ધોરણે બદલવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નામાંકિત કન્સલટન્ટ મે. પ્રાઇસ વોટર હાઉસ કુપર્સ, ગુડગાંવ (નવી દિલ્હી)ની નિમણુંક કરવામાં આવેલ છે અને તેઓ દ્વારા સમગ્ર રાજકોટ શહેરના સ્ટ્રીટલાઇટ નેટવર્કનો સર્વે કરી DPR (Detailed Project Report) તૈયાર કરવામાં આવેલ છે, તેમજ તેના આધારે આ કામે તેઓ દ્વારા ટેન્ડર તૈયાર કરવામાં આવેલ જેના અગત્યનાં પાસા નીચે મુજબ છે.

**મુખ્ય ફાયદા :**

- કુલ વિજ વપરાશમાં ૫૮% વિજ બચત.
- રાજકોટ શહેરની હયાત તમામ સ્ટ્રીટલાઇટ અને સ્ટ્રીટલાઇટ કંટ્રોલરને આધુનિક એલ.ઈ.ડી. લાટસ અને નકો સ્ટ્રીટલાઇટ કંટ્રોલરથી બદલવામાં આવશે અને તેનું ૧૦ વર્ષ સુધી નિભાવ - મરામત કરવામાં આવશે.
- સંપૂર્ણ પ્રોજેક્ટ PPP (Public Private Partnership ) ધોરણે કરવામાં આવશે જેમાં એજન્સી અંદાજીત રૂા. ૧૯ કરોડનું રોકાણ કરશે.
- રાજકોટ મહાનગરપાલિકા કુલ વીજ બચતનાં ૯૦% હિસ્સો ESCO કંપની અને ૧૦% હિસ્સો રાજકોટ મહાનગરપાલિકા રાખશે. (અંદાજીત)

**અન્ય ફાયદાઓ :-**

- પર્યાવરણમાં થતાં પ્રદુષણ માં ઘટાડો.
- ઓછું કાર્બન ઉત્સર્જન અને શહેરની કાર્બન ફુટપ્રીન્ટમાં ઘટાડો (વાર્ષિક ૬૯૦૦ ટન હફ્ર નો ઘટાડો)
- સામાજિક સલામતી અને રક્ષણ

સ્માર્ટ સીટીના માપદંડના ભાગરૂપે તથા શહેરની આગવી ઓળખ માટે ઉર્જા બચત અને ઉર્જા સરક્ષણ હેઠળ રાજકોટ શહેરની હયાત તમામ સ્ટ્રીટલાઇટને LED સ્ટ્રીટ લાઇટથી ESCO (Pay From Savings)નાં ધોરણે બદલવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. આ અંગેની જાહેરાત કરવા માટે યોજાયેલી પત્રકાર પરિષદમાં માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, ડે. મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા, સ્ટેન્ડિંગ કમિટીના ભુતપૂર્વ ચેરમેનશ્રી કમલેશભાઇ મીરાણી, શાસકપક્ષના નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા અને રોશની કમિટીના ચેરમેનશ્રી અજયભાઇ પરમાર ઉપસ્થિત રહયા હતા.



| ક્રમ નં. | વિગત | રાજકોટ શહેરનું હાલનું સ્ટ્રીટલાઇટનું નેટવર્ક | રાજકોટ શહેરનું LED સ્ટ્રીટલાઇટ નેટવર્ક થયા બાદ |
|---|---|---|---|
| ૧ | કુલ સ્ટ્રીટલાઇટ સંખ્યા (નંગ) | ૫૨,૦૦૦ | ૫૨,૨૦૦૦ (આધુનિક LED સ્ટ્રીટલાઇટ) |
| ૨ | કુલ સ્ટ્રીટલાઇટ કંટ્રોલર | ४૫૮ | ४૫૮ (આધુનિક GSM સ્ટ્રીટલાઇટ કંટ્રોલર તથા કોમ્પ્યુટરાઇઝડ સેન્ટ્રલ સર્વર કંટ્રોલ રૂમ) |
| ૩ | વાર્ષિક વીજ વપરાશ (વીજ યુનિટ) | ૧,४૬,૦૦,૫૨૩ | અંદાજીત ૬૧,૧૩,૦૫૦ |
| ४ | વાર્ષિક વીજ બીલની રકમ (રૂા.) | ૭,૯૫,૭૨,૮૫૦ | ૩,૩૩,૧૬,૧૨૨ (૫૮% સેવિંગ મુજબ બચત રૂા. ४,૬૨,૫૬,૭૨૮) |
| ૫ | વાર્ષિક નિભાવ-મરામત ખર્ચ (રૂા.) | ૩,૦૦,૦૦,૦૦૦ | ૨,૯૦,૦૦૦,૦૦૦ |
| ૬ | વાર્ષિક વીજ બચત (%) | -- | ૫૮% |



# એડવાન્સ ટેક્સ વળતર યોજના

## મે માસમાં ૧.૬૧ લાખથી વધુ લોકોએ લાભ લીધો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ વેરા વળતર સ્કીમ હેઠળ તા. ૧-૫-૨૦૧૬ થી આજે તા. ૩૦-૫-૨૦૧૬ સુધીમાં ૧૫૫૬૯૫ આસામીઓએ યોજનાનો લાભ લીધો હતો અને મિલકત વેરા પેટે રૂા. ૯૩.૩૭.૬૩.૪૯૭/- જમા કરાવેલ છે. મે માસ દરમ્યાન મહિલા કરદાતાને (મહિલાના નામે મિલકત હોય તો) ૧૫ ટકા અને પુરુષ કરદાતાને ૧૦ ટકા કર રાહતનો લાભ આપવામાં આવેલ છે. હજુ આ સ્કીમ હેઠળ આવતીકાલે છેલ્લા દિવસે આ લાભ લઇ શકાશે. તા. ૧-૬-૨૦૧૬ થી મહિલા કરદાતાને ૧૦ ટકા અને પુરુષ કરદાતાને ૫ ટકા કર રાહતનો લાભ આપવામાં આવી રહ્યો છે.

વેરા વસૂલાત માટે ICICI બેન્ક તથા એચ.ડી.એફ.સી. બેન્કની શાખાઓમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત દરેક વોર્ડની વોર્ડ ઓફિસ, પોસ્ટ ઓફિસ અને ઓનલાઇન પેમેન્ટ પણ કરી શકાય છે. જેથી લોકોને વધુ સુગમતા રહે.

અગાઉ મહાનગર--પાલિકાના માત્ર પાંચ સિટી સિવિક સેન્ટરમાં વેરો ભરપાઇ કરી શકાતો હતો. સિટી સિવિક સેન્ટરમાં ટેક્સ ઉપરાંત ટી.પી., શોપ, જન્મ મરણ નોંધણી, લગ્ન નોંધણી, હોકર્સ ઝોન વગેરે લગત સેવાઓના ચાર્જ વસૂલવાની કામગીરી પણ કરવામાં આવતી હતી, જેના

**મે માસમાં મહિલા કરદાતાને (મહિલાના નામે મિલકત હોય તો) ૧૫% અને પુરુષ કદાતાને ૧૦% કર રાહતનો લાભ આપવામાં આવ્યો : જુન માસમાં અનુક્રમે ૧૦% અને ૫% કર રાહત**



પરિણામે મિલકત વેરો ભરવા આવતા લોકોને લાઇનમાં ઉભા રહી સારો એવો સમય ઇન્તજાર કરવો પડતો હતો. જોકે હવે ICICI બેન્કની ૧૫ શાખાઓના કુલ ૩૦ કાઉન્ટર પર વેરો ભરપાઇ થઇ શકતો હોઇ લોકો પાસે વિકલ્પો પણ વધ્યા છે અને તેઓનું કામ પણ ઝડપથી થઇ રહ્યું છે.

### વેબસાઈટ મારફત ૩૭ હજારથી વધુ કરદાતાઓએ ઓનલાઈન ટેક્સ પેમેન્ટ કર્યુ

સાથો સાથ તેઓના ઘરની નજીકમાં ICICI બેન્ક તથા HDFC બેન્કની કોઇ ને કોઇ શાખા પણ હશે જ. આ ઉપરાંત દરેક વોર્ડમાં વોર્ડ ઓફિસે બેસતા વોર્ડ ઓફિસર પણ ઓન લાઇન ટેક્સ વસૂલાત કરી આપે છે. જે લોકોને ઓન લાઇન ટેક્સ ચુકવવામાં મુશ્કેલી અનુભવાતી હોય તેઓને વોર્ડ ઓફિસર મદદરૂપ થઇ રહ્યા છે. અત્યારે મોટાભાગના લોકો પાસે બેન્કનું ડેબિટ કાર્ડ હોય જ છે અને તેની મદદથી તેઓ ઓન લાઇન ટેક્સ ભરપાઇ કરવાની સુવિધા મહાનગરપાલિકાએ કરી આપી છે. અગાઉ સિટી સિવિક સેન્ટરે ટેક્સ ભરવામાં જે સમય પસાર થતો હતો તેમાં હાલની વ્યવસ્થાના પરિણામે નોંધપાત્ર ઘટાડો થયો છે.

રાજકોટ મહાનગરપાલિકાની વોર્ડ ઓફિસે મે માસના અંત સુધીમાં ૩૦ હજારથી વધુ લોકો રૂા. ૧૯.૨૯ કરોડ જેવી રકમ ટેક્સ રૂપે ભરપાઇ કરી ચુકયા છે. ICICI બેન્કમાં ૪૫૬૬૯ કરદાતાઓએ રૂા. ૩૨.૮૫ કરોડથી વધારે રકમ જમા કરાવેલ છે. જયારે HDFC બેન્કમાં ૨૪૨૫ કરદાતાઓએ ૨૦૭૧ કરોડની રકમ વેરા પેટે ભરપાઇ કરી છે. આજ રીતે અત્યાર સુધીમાં પોસ્ટ ઓફિસ મારફત રૂા. ૧૮.૮૭ કરોડ જેવી રકમ જમા કરાવેલ છે. જયારે આ અત્યાર સુધીમાં વેબસાઇટ મારફત ૩૭ હજારથી વધુ કરદાતાઓએ રૂા. ૧૯.૦૮ કરોડની જમા કરાવેલ.

નેટ બેંકિંગ મારફત, મોબાઇલ એપ્લીકેશન મારફત પણ વેરો ભરી શકાય છે. નેટ બેંકિંગ મારફત વેરો ભરનારને વળતર યોગમાં ઉપરાંત ૫૦ રૂપિયાનો પ્રોત્સાહન રૂપે જમા આપવામાં આવે છે. શહેરના સુજ્ઞ કરદાતાઓને ઉપરોકત વળતર યોજનાનો વધુમાં વધુ લાભ લઇ શહેરની વિકાસ યાત્રામાં સહયોગ થવા બદલ મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ આભારની લાગણી વ્યકત કરી હતી.

દરમ્યાન એડવાન્સ ટેક્સ વળતર યોજના હેઠળ જુન માસમાં પણ કરદાતાઓને ટેક્સમાં રાહત આપવામાં આવી રહી છે. જેમાં મહિલા કરદાતાને (મહિલાના નામે મિલકત હોય તો) ૧૦ ટકા અને પુરુષ કરદાતાને ૫ ટકા કર રાહતનો લાભ આપવામાં આવી રહ્યો છે.









# સફાઇ કામદારો માટેના આવાસોનો નંબર ફાળવણી ડ્રો

## આજી ફિલ્ટર પ્લાન્ટ પાસે ESR-GSRનું લોકાર્પણ

## પોપટપરા ખાતેના મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળના આવાસો નંબર ફાળવણી ડ્રો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ રેસકોર્ષ ખાતે સ્નાનાગારથી ફુટબોલ મેદાન સુધીનો રસ્તો બ્યુટિફિકેશન કરવાનું કામ, આજી ફિલ્ટર પ્લાન્ટ પાસે ESR GSRનું લોકાર્પણ તેમજ વોર્ડ નં. ૩માં પોપટપરા ખાતેના મુખ્યમંત્રી યોજના હેઠળના આવાસો તથા સફાઇ કામદારો માટેના આવાસોનો નંબર ફાળવણી ડ્રો તા. ૨૭-૫-૨૦૧૬ના રોજ રાજ્યના આરોગ્ય, તબીબી શિક્ષણ માર્ગ અને મકાન વિભાગના માન. મંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ.

માંડા ડુંગર વિસ્તારના લોકોની પાણીના અપૂરતા ફોર્સની ફરીયાદ દુર કરવા ESR/GSR બનાવી આજુબાજુની ૨૧ સોસાયટીના લોકોને પૂરતું પાણી મળી રહે તે માટે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. હાઉસિંગ ફોર ઓલ ૨૦૨૨નું સરકારનું મિશન પુરું થાય તે માટે મહાનગર-પાલિકા પણ કટીબદ્ધ છે. તે માટે હાલ ૧૧૦૦૦ આવાસોનું કામ ચાલુ છે. રેસકોર્ષમાં હયાત સુવિધામાં વધરો કરી બ્યુટીફીકેશનની કામગીરીનું આજે ખાતમુર્હુત થયેલ છે રાજકોટ ખરા અર્થમાં સ્માર્ટ શહેર બને તે માટે લોકોના સાથ અને સહકારની અપેક્ષા છે. વોર્ડ નં. ૧૫માં આજી ફિલ્ટર પ્લાન્ટ ખાતે રૂા. ૪.૪૭ કરોડના ખર્ચે ESR/GSR બનાવવામાં આવેલ છે. આ GSR બનવાથી આજી ફિલ્ટર પ્લાન્ટ ખાતે ૧૦ એમ.એલ. પાણીના સ્ટોરેજમાં વધારો થશે. ESRથી માંડા ડુંગર વિસ્તારની ભરતનગર, તુલસી પાર્ક, સત્યમ પાર્ક, રામ પાર્ક, માધવવાટીકા વિગેરે ૨૨ જેટલી સોસાયટીને પુરા ફોર્સથી પાણી મળશે.

વોર્ડ નં. ૩માં વાલ્મિકી વાડી પાસે રૂા. ૮.૮૫ કરોડના ખર્ચે સફાઇ કામદાર આવાસ યોજના-૨ હેઠળ કુલ ૧૯૨ ફ્લેટ બની રહેલ છે. એક ફ્લેટ અંદાજે ૨૮ ચો.મી.નો હશે. જેમાં હોલ, બેડરૂમ, કિચન, બાથરૂમ, ટોયલેટ બ્લોક અને વોશીંગ સ્પેસની સુવિધા તેમજ આંતરિક રસ્તાઓ, ભુગર્ભ ગટર, તેમજ પીવાના પાણીની લાઇનો સાથેની વ્યવસ્થા કરેલ છે. બાળકો માટે ગાર્ડન અને આંગણવાડી પણ બનશે.

મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ રાજકોટ મહાનગર-પાલિકા દ્વારા ઓછી આવક ધરાવતા વર્ગના લોકો (LIG)ના આવાસોનું નિર્માણ હાથ ધરાયેલ છે.

LIG યોજના અંતર્ગત સાડા આઠ લાખ રૂપિયાની કિંમતમાં ૨ બેડ, હોલ, કીચન અને એટેચ ટોયલેટ બાથરૂમના આવાસોનું નિર્માણ કરેલ છે. LIG કેટેગરી માટે કુલ ૧૦૬૦ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી, કુલ ૮૪૮ આવાસોના નંબર ફાળવણી અંગેના ડ્રો કરવામાં આવેલ. આ નંબર ફાળવણી ડ્રોમાં લાભાર્થી સફાઇ કામદારો પૈકી શોભનાબેન માંડવીયા, દિનેશભાઇ વાઘેલા, સુમિત્રાબેન બેડલા, ગીતાબેન જેઠવા તથા L.I.G. યોજનાના લાભાર્થી પૈકી શ્રી માયાબેન રાઠોડ, શ્રી મનહરદાસ દેસાણી, શ્રી સુભાષભાઇ ભટ્ટ, શ્રી રવજીભાઇ દાવેરા, શ્રી અમૃતભાઇ રાજયગુરૂ વિગેરેને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ફાળવણી પત્રક અપાયા હતા.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો. જૈમન ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા.

આ અવસરે વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, રાજકોટ મહાપાલિકાની સ્ટે. કમિટીના ભૂતપૂર્વ ચેરમેનશ્રીઓ કમલેશ મિરાણી અને શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, મ્યુનિ. કમિશનર વિજય નેહરા, ભૂતપૂર્વ ડે. મેયરશ્રી ભીખાભાઇ વસોયા, ડેપ્યુટી મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ સમિતિના ચેરમેનશ્રી મુકેશ રાદડિયા, હાઉસિંગ કમિટીના ચેરમેનશ્રી કિરણબેન સોરઠીયા, વોટર વર્કસ કમિટીના ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, કોર્પોરેટરશ્રી મનિષભાઇ રાડિયા, શ્રી જયમીનભાઇ ઠાકર વિગેરે ઉપસ્થિત રહેલ હતા.









# ગુજરાત સ્ટેટ સબ જુનિયર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં રાજકોટનો શાનદાર દેખાવ

## રાજકોટ સ્વિમિંગ એકેડેમી ફળી : રાજકોટના કુલ ૨૩ સ્પર્ધકો ૧ થી ૩ નંબરમાં વિજેતા : વોટર પોલોમાં રાજકોટ ટીમ ચેમ્પિયન





### સ્ટેટ સબ જુનિયર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ચાર ઈવેન્ટમાં નવા રેકોર્ડ રચી ગોલ્ડ મેડલ જીતતા આર્યન વિજય નેહરા



**આર્યન વિજય નેહરાએ કઇ કઇ ચાર ઈવેન્ટમાં રેકર્ડ સર્જ્યા ?**

| ક્રમ | ઈવેન્ટનું નામ | સમય |
|---|---|---|
| 1 | 200 IM | (2:32:41) |
| 2 | 200 m Freestyle | (2:13:87) |
| 3 | 100 m Freestyle | (1:3:04) |
| 4 | 50 m Butterfly | (30:90) |

### પોતાની ત્રણ વર્ષની સ્વિમિંગ કારકિર્દીનું સર્વોત્તમ પ્રદર્શન કરી રાજકોટને ગૌરવ પ્રદાન કરતા આર્યન નેહરા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા બે વર્ષથી રેસકોર્ષ સ્વિમિંગ પૂલ ખાતે સ્વિમિંગ એકેડેમી ચલાવવામાં આવી રહી છે; જેના ફળ સ્વરૂપે ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશિપમાં રાજકોટ શહેરના કુલ ૨૩ સ્પર્ધકો ૧ થી ૩ નંબરમાં વિજેતા થયા છે. જયારે વોટર પોલોમાં રાજકોટ ટીમ ચેમ્પિયન બની છે.

રાજકોટ શહેરમાં આવેલ રાજકુમાર કોલેજમાં ધો. ૮માં અભ્યાસ કરતા ચિ. આર્યન વિજય નેહરાએ પોતાની ત્રણ વર્ષની સ્વિમિંગ કારકિર્દીનું સર્વોત્તમ પ્રદર્શન કરી ગુજરાત સ્ટેટ સબ જુનિયર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં રાજકોટ શહેર વતી ચાર વ્યક્તિગત ઈવેન્ટમાં ભાગ લઈ ચારે ચાર ઈવેન્ટમાં વર્તમાન રેકોર્ડ તોડી નવા રેકોર્ડ રચીને પર્સનલ બેસ્ટ ટાઈમિંગ સાથે ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા.

અમદાવાદ ખાતે યોજાયેલ બે દિવસીય ગુજરાત સ્ટેટ સબ જુનિયર સ્વિમિંગ ચેમ્પિયનશિપનું તા. ૫- ૬-૨૦૧૬ ને રવિવારે સમાપન થયું હતું. પોતાની પ્રથમ ઈવેન્ટ ૨૦૦ મીટર ફ્રી-સ્ટાઈલ સ્પર્ધામાં જબરદત પરફોર્મન્સ આપતા સ્ટેટનો વર્તમાન રેકોર્ડ (૨ઃ૨૨ઃ૯૯) ૯ સેકન્ડના માર્જીનથી તોડી નાંખી આર્યને ૨ઃ૧૩ઃ૮૭ના સમય સાથે પ્રથમ સ્થાન હાંસલ કરી રાજકોટને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. સાથોસાથ બોયઝ ગ્રુપ-૩ માં રાજકોટ ટીમ પણ ઈતિહાસમાં પ્રથમ વખત ૪ × ૫૦ રીલે સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા બની છે. આ ટીમમાં આર્યન વિજય નેહરા ઉપરાંત આર્યન જોશી, વ્યોમ જોશી અને કરણ સગપરીયાનો સમાવેશ થાય છે.

અત્રે એ ખાસ ઉલ્લેખ કરવો રહયો કે, આર્યનને તેના ગ્રુપ-૩માં મહત્તમ ચાર સ્પર્ધામાં ભાગ લેવાની અનુમતી હતી અને આર્યન નેરાએ બે દિવસની ચેમ્પિયન શિપ દરમ્યાન અલગ અલગ ચાર ઈન્ડીવિજ્યુઅલ ઈવેન્ટ જેવી કે, ૨૦૦ મીટર (૨ઃ૩૨ઃ૪૧), ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ (૨ઃ૧૩ઃ૧૮), ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ (૧ઃ૩ઃ૦૪) અને ૫૦ મીટર બટરફલાઈ (૩૦.૯૦)માં વર્તમાન સ્ટેટ રેકોર્ડ તોડીને નવા રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને રાજકોટ શહેર અને પોતાના પરિવારને ગૌરવાંકિત કરેલ છે. આર્યન છેલ્લા બે માસથી સ્વિમિંગના સિનીયર નેશનલ કોચ શ્રી પ્રદીપકુમાર પાસેથી તાલીમ પ્રાપ્ત કરી રહેલ છે અને હવે બેંગ્લુરૂમાં યોજાનાર ચેમ્પિયનશિપ માટે તૈયારી કરી રહેલ છે. આર્યનને તેની આ અભૂતપૂર્વ સિદ્ધિ વિશે પૂછતા તેણે પોતાની સફળતા માટે સિનીયર નેશનલ કોચ શ્રી પ્રદીપકુમાર તથા પોતાના માતા-પિતાને યશના હકકદાર ગણાવ્યા હતા.

અત્રે એ ખાસ ઉલ્લેખ કરવ રહયો કે; રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા છેલ્લા બે વર્ષથી રેસકોર્ષ સ્વિમિંગ પૂલ ખાતે સ્વિમિંગ એકેડેમી ચલાવવામાં આવી રહી છે જેમાં દરરોજ સવારે ૫.૦૦ થી ૭.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી સ્વિમિંગ સ્પર્ધકોને નિષ્ણાંતો દ્વારા ખાસ તાલીમ લેવામાં આવી રહી છે. આજથી બે ત્રણ વર્ષ પૂર્વે સ્ટેટ લેવલ ચેમ્પિયનશિપ માં મહાનગરો અમદાવાદ, બરોડા, સુરત તથા અન્ય શહેરોના સ્પર્ધકો સાથેની સ્પર્ધામાં રાજકોટ શહેરનું પરિણામ પ્રમારણમાં સામાન્ય રહેતું હતું. જોકે આ એકેડેમીના પ્રયાસો થકી ઉત્સાહવર્ધક અને ઉત્તમ પરિણામો પ્રાપ્ત થઇ રહયા છે. જેમ કે અમદાવાદમાં યોજાયેલી ઉપરોકત ચેમ્પિયનશિપમાં રાજકોટના ૨૩ સ્પર્ધકો વિવિધ સ્પર્ધામાં એક થી ત્રણ નંબરમાં વિજેતા થયા છે જયારે ટીમ ઈવેન્ટ ‘‘વોટર પોલો’’ માં રાજકોટ શહેરની ટીમ ચેમ્પિયન બની હતી જે રાજકોટ શહેર અને મહાનગરપાલિકા માટે પણ ગૌરવની વાત છે. અહિં એ યાદ અપાવીએ કે, આ અગાઉ ગત સાલ યોજાયેલી રાજકોટ ખાતે યોજાયેલી ચેમ્પિયનશિપમાં પણ આર્યન નહેરાએ ૨૦૦ મીટર ઈન્ડિવિજયુઅલ મેડલી ઈવેન્ટમાં સ્પર્ધા કરી આ ઈવેન્ટનો છેલ્લા ૧૩ વર્ષથી અતૂટ રહેલો રેકોર્ડ તોડી નાંખી પોતાના નામે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

# "યુનો" દ્વારા બિલ્ડીંગમાં ઉર્જા બચાવવા અંગેના વૈશ્વિક કક્ષાના પ્રોજેક્ટ માટે રાજકોટની પસંદગી




રાજકોટ માટે ગૌરવની વાત છે કે તેની વધુ એક વખત આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ માટે પસંદગી થઇ છે.

તા. ૭-૬-૨૦૧૬ના રોજ ડેન્માર્ક ની રાજધાની કોપનહેગન ખાતે ''યુનો'' દ્વારા યોજાઇ ગયેલ તેના ''સસ્ટેનેબલ એનર્જી ફોર ઓન'' પ્રોજેક્ટ હેઠળ યોજાયેલી બે દિવસીય કોન્ફરન્સમાં વૈશ્વિક કક્ષાના બિલ્ડીંગમાં ઉર્જા બચાવવા અંગેના વૈશ્વિક કક્ષાના પ્રોજેક્ટ માટે રાજકોટની પસંદગી થયાની જાહેરાત કરવામાં આવી હતી.

વિશ્વના ૨૫૦ મહાનુભાવો જયાં ઉપસ્થિત હતા એવી આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માં ઉપસ્થિત રહેવા ડેન્માર્કના વડાપ્રધાન શ્રી લાર્સ લોકકે રાસમુસ્સેન તરફથી ''ગ્લોબલ ગ્રીન ગ્રોથ ફોરમ'' (3GF)નું રાજકોટ મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાને ખાસ નિમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું.

આજે આ અંગે વિગતો આપતા મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ એમ જણાવ્યું હતું કે, ''યુનો''ના ''સસ્ટેનેબલ એનર્જી ફોર ઓન'' પ્રોજેક્ટનું કાર્ય સંભાળતી ભગીની સંસ્થા વર્લ્ડ રીસોર્સિઝ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિશ્વના કુલ પાંચ શહેરોને આ પ્રોજેક્ટ માટે પસંદ કર્યા છે જેમાં રાજકોટ શહેરનો સમાવેશ થયો છે તે ગૌરવની વાત છે. આ પ્રોજેક્ટ હેઠળ શહેરના હયાત બિલ્ડીંગો અને હવે પછી બનનારા નવા બિલ્ડીંગોમાં ઉર્જા બચાવ કઇ રીતે થઇ શકે તેનું રાજકોટને વિશ્વની ૨૫ થી ૩૦ જેટલી એન.જી.ઓ.ના નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન પ્રાપ્ત થશે તેમજ આ પ્રોજેક્ટને કાર્યાન્વિત કરવા જરૂરી ગ્રાન્ટ પણ યુનો દ્વારા ફાળવવામાં આવશે એવી આશા છે.

જે પાંચ શહેરોની પસંદગી થઇ છે તેમાં રાજકોટ ઉપરાંત બેલગ્રેટ, બોગોટા, દા નાંગ, એસ્કિસેહારનો સમાવેશ થાય છે. ''બિલ્ડીંગ એફિશિયન્સી એક્સલરેટર પાર્ટનરશિપ'' બે પ્રકારની હોય છે જેમાં એક પ્રકાર જનરલ કેપેસીટીનો હોય છે જેમાં આ પ્રોજેક્ટ સંબંધી માહિતી ઉપલબ્ધ બનાવવામાં આવે છે.

જયારે બીજો પ્રકાર ''ડીપ ડાઇવ એન્ગેજમેન્ટ'' નો હોય છે જેમાં રાજકોટ પસંદ થયું છે. યુનો દ્વારા સસ્ટેનેબલ એનર્જી પ્રોજેક્ટ માટે પસંદ થયેલા વિશ્વના અન્ય શહેરો માટે રાજકોટ સહિતના ઉપરોક્ત પાંચ શહેરો લર્નિંગ લેબ તરીકેની ભૂમિકા પણ ભજવશે.

વિશેષમાં એનર્જી એફિશિયન્ટ બિલ્ડીંગ વિષયક આ પ્રોજેક્ટ હેઠળ ઉર્જામાં ૨૫ થી ૩૦ ટકાની બચત થઇ શકશે.

યુનો દ્વારા ''સસ્ટેનેબલ એનર્જી ફોર ઓન'' પ્રોજેક્ટ હેઠળ સૌર ઉર્જા, પર્યાવરણ, વગેરે ક્ષેત્રે ઉર્જા બચાવ અને પર્યાવરણ ક્ષેત્રે જે કાર્યો કર્યા છે તેની આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઇ રહી છે અને તેને વધુ એક વખત ''યુનો'' દ્વારા અનુમોદન પ્રાપ્ત થયું છે. તેના ભાવી પ્રોજેક્ટ માટે પણ રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી છે.

## ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ અંતર્ગત ઓન-લાઈન લાયસન્સ મેળવવાની સુવિધા

કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રી દ્વારા રાજયમાં નવા રોકાણકારો ધંધો-વ્યવસાય સરળતાથી શરૂ કરી શકે તે પ્રકારનો અભિગમ અપનાવવામાં આવેલ છે. જે અનુસાર ધંધો- વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી તમામ લાયસન્સ એક જ જગ્યાએથી મળી રહે તે માટે રાજય સરકારશ્રી દ્વારા ઓન-લાઇન પોર્ટલ ifpgujarat.gov.in વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ પર તા. ૮-૬-૨૦૧૬ થી રાજકોટ મહાનગરપાલિકા ના નીચે મુજબના લાયસન્સ/પરવાનગી માટે ઓનલાઇન અરજી થઇ શકશે તેમજ લાયસન્સ/પરવાનગી પણ ઓન-લાઇન ઈસ્યુ કરવામાં આવશે.

- શોપ એક્ટ લાયસન્સ
- ફાયર એન.ઓ.સી.
- બાંધકામ પરવાનગી/બી.યુ.પી. સર્ટીફીકેટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત સુવિધા તા. ૮-૮-૨૦૧૬થી ઓન-લાઇન ઉપલબ્ધ કરવામાં આવશે.

## હવેથી કોમ્યુનિટી હોલના ઓન-લાઈન બૂકિંગ

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ ૨૦ કોમ્યુનિટી હોલ યુનિટના બુકિંગ શહેરીજનો કોઇપણ જગ્યાએથી કોઇપણ સમય ઓન-લાઇન કરી શકે તે માટેની સુવિધા વિકસાવવામાં આવેલ છે. તા. ૮-૬-૨૦૧૬, બુધવાર સવારે ૧૧:૦૦ કલાકેથી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પરથી ઓન-લાઇન બુકિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઓન-લાઇન બુકિંગ પ્રકિયા ખુબ જ સરળતાથી અને ઝડપથી થઇ શકશે. ઓન-લાઇન બુકિંગ સમયે અરજદારે પોતાની સાથે કોઇપણ એક આઇ.ડી. પ્રુફ તથા બેંક એકાઉન્ટની વિગતો સાથે રાખવાની રહેશે. હોલ બુકિંગ અંગેના ચાર્જીસ તથા ડીપોઝીટની રકમનું ઓન-લાઇન પેમેન્ટ કરવાનું રહેશે. અરજદાર બુકિંગ કરાવ્યા બાદ ચાર્જીસ અને ડિપોઝીટની રીસીપ્ટની પ્રીન્ટ મેળવી શકશે.

કોમ્યુનિટી હોલનું બુકિંગ લગ્ન પ્રસંગ માટે ૯૦ દિવસ અગાઉ અને અન્ય પ્રસંગો માટે ૩૦ દિવસ અગાઉ થઇ શકશે. બુકિંગ વધુમાં વધુ સળંગ ૨ દિવસ સુધીનું થઇ શકશે. ૨ દિવસથી વધુ દિવસો માટે બુકિંગ કરાવવાનું હોય તો એસ્ટેટ વિભાગમાં અરજી કરવાની રહેશે.

ઓન-લાઇન બુકિંગ દરરોજ સવારે ૧૧.૦૦ કલાકેથી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી કરી શકાશે. ઓન-લાઇન બુકિંગની સાથે રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોન ઓફિસ ખાતે એસ્ટેટ વિભાગમાં પણ બુકિંગ લેવામાં આવશે.

# વિશ્વની ખ્યાતનામ કોમ્પ્યુટર કંપની ''ઈન્ટેલ'' અને રાજકોટ મહાનગરપાલિકા વચ્ચે MOU




## તા. ૮-૬-૨૦૧૬ ના રોજ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી માન. શ્રી વેંકૈયા નાયડુના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકાની 'સ્વચ્છતા એપ' લોન્ચ કરવામાં આવી

રાજકોટ મહાનગરપાલિકા ટેકનોલોજીની દિશામાં વધુ એક કદમ આગળ ધપાવી રહી છે અને તેમાં તેને વિશ્વની ખ્યાતનામ કોમ્પ્યુટર કંપની INTELનો ઉમદા સહયોગ પ્રાપ્ત થયો છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લોકોને વિવિધ સેવાઓ ઓનલાઈન આપવામાં આવી રહી છે. જેમાં હવે એક નવી સેવાનો ઉમેરો થવા જઈ રહયો છે. કેન્દ્ર સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન હેઠળ રાજકોટની સ્વચ્છ શહેર તરીકેની ઓળખ જળવાઈ રહે અને ગંદકી સંબંધી ફરિયાદો રજુ કરવામાં લોકોને અને તેનું નિર્ધારીત સમય મર્યાદામાં મ્યુનિ. કમિશનરશ્રી વિજય નહેરાએ જણાવ્યું હતું.

તેમણે વિશેષ વિગતો આપતા કહ્યું હતું કે, આ ''Swachh Map મોબાઈલ એપ'' કોઈ પણ નાગરિકો ગૂગલ પ્લે સ્ટોર અથવા તો એપલ એપ સ્ટોર પરથી પોતાની કોઈપણ એન્ડ્રોઈડ કે એપલ સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ કરી શકશે. શહેરનાં કોઈપણ નાગરીક પોતાની આસપાસમાં અપલોડ કરી શકશે. આ ફોટો સીધો જ સંબંધીત અધિકારીને પોતાના મોબાઈલમાં લોકેશન સહિત જોવા મળશે. સંબંધીત અધિકારી આ લોકેશનની મુલાકાત લઈ ત્યાં સફાઈ ઝડપ અને પારદર્શિતા આવે તેમજ લોકોને ટેકનોલોજીના સથવારે વિવિધ સેવાઓ ઉપલબ્ધ બની છે એ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેકટના ''ટેકનોલોજીના ડ્રીવન'' કન્સેપ્ટ હેઠળ છેલ્લા દોઢ-બે વર્ષમાં અનેકવિધ ઓનલાઈન ટેકસ પેમેન્ટ, ઓનલાઈન બર્થ એન્ડ ડેથ સર્ટીફિકેટ, શોપ અને મેરેજ નોંધણી અંગેની વિગતો, પ્રોફેશન ટેકસ પેમેન્ટ તેમજ કમ્પ્લેઈન રજીસ્ટ્રેશન જેવી સુવિધાનો લોકો તરફથી ઉપયોગ પણ થઈ રહયો છે. જેમાં આવતીકાલે એક અત્યંત હાઈટેક એપનો ઉમેરો થનાર છે ત્યારે મ્યુનિ. કમિશનરશ્રીએ



**GIS અને GPS આધારીત આ એપ પર લોકો દ્વારા ગંદકીવાળા સ્થળની તસવીરો અપલોડ કરે એટલે જીયોટેગીંગ તસવીર પરથી સ્થળનું ચોકકસ લોકેશન તંત્રને મળી શકે છે.**

નિરાકરણ કરવામાં તંત્રને ખુબ જ સહયોગ રહે તે માટે INTEL કંપની અને રાજકોટ મહાનગરપાલિકાએ હાથ મિલાવ્યા છે. INTELના સહયોગથી મહાનગરપાલિકા એ સાવ વિનામૂલ્યે એક ખાસ ''Swachh Map મોબાઈલ એપ'' બનાવડાવી છે. આ મોબાઈલ એપ્લીકેશન શહેરીજનોને ગંદકીના સ્થળ વિશે તંત્રને ફરિયાદ કરવા માટે એક હાથ વગુ હથિયાર બની રહેશે તેમ કરાવ્યા બાદનો તે જગ્યાનો ફોટો મોબાઈલ એપ પરથી અપલોડ કરશે. આ રીતે સફાઈ કરાવ્યા બાદનો અપલોડ કરેલ ફોટો અને તેના અંગેનો મેસેજ ફરિયાદીને પોતાના મોબાઈલ માં જ મળી જશે.

ઈ-ગવર્નન્સ વ્યાપના વધારા સાથે નાગરિકોને વધુ સારી સેવા મળી રહે તે માટે તેમજ વધતા જતા શહેરીકરણ થી ઉદભવતા પડકારો અને વહીવટી પ્રશ્નોનું નિરાકરણ કરવા, વહિવટમાં સરળતા, વિશેષમાં એ પણ યાદ કરાવ્યું કે, ''સ્વચ્છ એપ'' લોન્ચ કરનાર રાજકોટ ગુજરાતનું પ્રથમ અને દેશનું ત્રીજું શહેર બનશે. જેમાં નોંધપાત્ર બાબત એ છે કે રાજકોટ મહાનગર--પાલિકા એક પણ રૂપિયો ખર્ચ કર્યા વગર લોકોની સુગમતા ખાતર આ એપ તૈયાર કરાવી શકી છે, અને એ માટે તંત્ર INTEL કંપની પ્રત્યે પોતાનો ખાસ આભાર વ્યકત કરે છે.

દરમ્યાન રાજકોટ મહાનગ--રપાલિકા હસ્તકના તમામ ૨૦ કોમ્યુનીટી હોલ યુનિટના બુકિંગ શહેરીજનો કોઈપણ જગ્યાએથી કોઈપણ સમયે ઓન-લાઈન કરી શકે તે માટેની સુવિધા વિકસાવવામાં આવેલ છે. આગામી તા. ૮-૬-૨૦૧૬, બુધવાર સવારે ૧૧.૦૦ કલાકેથી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી ઓન-લાઈન બુકિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રી દ્વારા રાજયમાં નવા રોકાણકારો ધંધો-વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી તમામ લાયસન્સ એક જ જગ્યાએથી મળી રહે તે માટે રાજય સરકારશ્રી દ્વારા ઓન-લાઈન પોર્ટલ ifpgujarat.gov.in વિકસાવવા માં આવેલ છે.

આ પોર્ટલ પર તા. ૮-૬-૨૦૧૬થી રાજકોટ મહાનગરપાલિકાના શોપ એકટ લાયસન્સ, ફાયર અને.ઓ.સી., બાંધકામ પરવાનગી અને બી.યુ.પી. સર્ટીફિકેટ માટે ઓન-લાઈન અરજી થઈ શકશે તેમજ લાયસન્સ / પરવાનગી પણ ઓન -લાઈન ઈસ્યુ થશે.

GIS અને GPS આધારીત આ APP પર લોકો દ્વારા ગંદકીવાળા સ્થળની તસવીરો અપલોડ કરે એટલે જીયોટેગીંગ તસવીર પરથી સ્થળનું ચોકકસ લોકેશન તંત્રને મળી શકે છે.

સંબંધીત અધિકારી કર્મચારીને આ ફોટો ફોરવર્ડ થશે અને બે દિવસની નિયત સમય મર્યાદામાં ફરિયાદનો નિકાલ કરવામાં આવશે. સ્વચ્છ સ્થળનો લોકેશન વાળા સ્થળ પર જવાબદાર અધિકારી - કર્મચારી સાફ સફાઈ કરાવી મેળવી ફોટો આ જ એપ પર અપલોડ કરશે અને જે તે ફરિયાદી પોતાને ફરિયાદનો નિકાલ થયાનું જોઈ શકશે. ચોકકસ સમય મર્યાદામાં ફરિયાદનો નિકાલ નહી થયે આ ફોટો ઉચ્ચ અધિકારીને ફોરવર્ડ થઈ જશે અને તેઓ દ્વારા તેના નિકાલ માટે સંબંધિત અધિકારીને જરૂરી સૂચનો આપી શકાશે તેમ પણ મ્યુનિ. કમિશનરશ્રીએ કહ્યું હતું.

તા. ૮-૬-૨૦૧૬ ના રોજ યોજાનારા પોપટપરા આવાસ યોજનાના લોકાર્પણ સમારોહમાં કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી માન. શ્રી વેંકૈયા નાયડુના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકાની 'સ્વચ્છતા એપ' લોન્ચ કરવામાં આવી હતી.

સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. જુન-૨૦૧૬



# રાજકોટમાં વિશ્વ યોગ દિનની અભૂતપૂર્વ ઉજવણી




## વિશ્વ વિક્રમી ઈવેન્ટના આયોજન માટે રા.મ.ન.પા.ની પીઠ થાબડતા કલેક્ટરશ્રી

- શહેરમાં તમામ ૧૮ વોર્ડમાંથી ૧૦૦૦ કરતા વધારે સગર્ભા માતાઓને શિબિર સ્થળ સુધી પહોચાડવા માઇક્રોપ્લાનિંગ.
- ૧૫ MBBS મેડીકલ ઓફિસર, ૨૨ આયુષ મેડીકલ ઓફિસરો, ૧૫ લેબ ટેકનીશીયન તથા ૨૦૫ જેટલા આરોગ્ય કાર્યકરો / આશા દ્વારા કામગીરી.
- ૨૨ જેટલી બસ દ્વારા મહિલાઓને સેવા આપવામાં આવી.
- શિબિર સ્થળે ઇમરજન્સી સેવા માટે ૫ ગાયનેકોલોજિસ્ટ, ૨ એમ્બુલન્સ તથા ૧ ICU ઓન વ્હીલ્સની સેવા.
- શિબિર દરમ્યાન મહિલાઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે ખાસ દેખરેખ.
- ભાગ લેનાર મહિલાઓને આવનાર બાળક માટે ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ ધરાવતી મમતા કીટ આપેલ.
- યોગ પ્રતિનિધિઓ, ડો. અતુલ પંડ્યા, ડો. દિલીપ પટેલ ગાયનેક એસો.ના પ્રતિનિધિઓ, ડો. નિરજ જાદવ, ડો. અતુલ જોષી સિવિલ હોસ્પિટલના ડો. વત્સરાજનો સહયોગ.
- અખિલ હિન્દ મહિલા પરિષદનાં પ્રમુખશ્રી ભાવનાબેન જોષીપુરાનો સહયોગ.

ઉપરોકત શિબિર દરમ્યાન સગર્ભા માતાઓના યોગા એક્સપર્ટ દ્વારા ૪૫ મિનીટ સુધી યોગ કરાવવામાં આવેલ તથા માતાઓ આ યોગા આવતીકાલથી ઘરે પણ સરળતાથી કરી શકે તે માટે સચોટ માર્ગદર્શન આપવામાં આવેલ. આ પ્રકારના યોગા કરવાથી માતાને ગર્ભાવસ્થા દરમ્યાન તથા પ્રસુતિ વખતે ઘણા પ્રકારના ફાયદાઓ થાય છે. દા.ત. કમરના દુઃખાવામાં રાહતપ શારીરિક સ્ફૂર્તિ, ચિંતામુકિત, માનસિક તણાવથી રાહત, ડિપ્રેશનથી છુટકારો, પ્રસુતિ વખતેના દુઃખાવામાં રાહત.

યોગા કરવાથી માત ઉપરાંત આવનાર બાળકને પણ ફાયદો થાય છે. દા.ત. ગર્ભમાં વિકાસની પ્રક્રિયા યોગ્ય રીતે થવી, માનસિક વિકાસ, જીનેટિક રોગ ઓછા થવા, બૌધિક વિકાસ થવો, જન્મ બાદનો વિકાસ વધુ સારો થવો.

આ આયોજન માટે કમિશનરશ્રી વિજય નેહરાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારીઓ ડો. રાઠોડ, ડો. પંડ્યા, ડો. વિસાણી તથા ડો. ચુનારા દ્વારા કરવામાં આવેલ. વધુમાં આરોગ્ય શાખાના ધર્મેન્દ્ર દાસાણી, શ્રી પ્રેરીત જોશી, ડો. શ્વેતાબેન પટેલ, પંકજભાઇ દેથરીયા, અફઝલભાઇ સંઘાર, કુણાલભાઇ હરસોરા, અંબરીશભાઇ પરીખ, ગોસ્વામીભાઇ, મહેતાભાઇ તથા ડાભીભાઇ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

**૧000 થી વધારે સગર્ભા બહેનોને યોગમાં આવવા-જવા માટે ખડેપગે ૧00 થી વધારેનો રાજકોટ મહાનગરપાલિકા આરોગ્યનો સ્ટાફ**




ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ યોગના વિચારો આપતા યુનો દ્વારા તા. ૨૧ જુન વિશ્વ યોગ દિન તરીકે જાહેર કરવામાં આવેલ જેના અનુસંધાને ગત શાલની યોગ દિન ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૧ જુનના વિશ્વ યોગ દિન નિમિતે રાજકોટ શહેરમાં રેસકોર્ષ, નાના મવા સર્કલ, પેરેડાઇઝ હોલ પાસેનું મેદાન, પારડી રોડ પરનું મેદાન તથા રણછોડદાસ આશ્રમ સામેના મેદાનમાં અભૂતપૂર્વ જન મેદની દ્વારા સામુહિક યોગભ્યાસ કરવામાં આવ્યો. યોગાભ્યાસની સર્વત્ર પવિત્ર વાતાવરણ બન્યું અને તન, મન તંદુરસ્તની શાથે વિશ્વ શાંતિ અને એકતા સાથે લોકો સંકલ્પબદ્ધ થયા અને યોગને પોતાના જીવનજી દિનચર્યા બનાવવા સંકલ્પ રજુ થયા હતા. વહેલી સવારથી જ શહેરીજનો સ્થળ પર એકત્રિત થવા લાગ્યા હતા અને ખુબ જ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા સૌ પ્રથમ દિપ પ્રાગટયથી પ્રારંભ થયો ત્યારબાદ ભારતના વડા પ્રધાન માન. નરેન્દ્રભાઇ મોદી અને રાજયના મુખ્યમંત્રી માન. શ્રી આનંદીબેન પટેલના સંદેશ રજુ કરાયો હતો. યોગનું માર્ગદર્શન પતંજલિ, બ્રહ્માકુમારીઝ તથા આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા યોગનું નિદર્શન કરવામાં આવેલ હતું. જેમાં હળવી શારીરિક કસરત ત્યારબાદ વૃક્ષાસન, શશાકાસન, મકરાસન, ભુજંગાસનની ક્રિયાઓ કરાવી હતી એ પછી નાડીશોધક પ્રાણાયામ, ભ્રામરી પ્રાણાયામ અને ધ્યાન પણ કરાવ્યું હતું.

આ યોગ દિન ઉજવણી પ્રસંગે રાજયના વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, રાજકોટના સાંસદ અને ભારત સરકારના કૃષિ માન. શ્રી મોહનભાઇ કુંડારિયા, માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા, જીલ્લા કલેકટરશ્રી વિક્રાંત પાંડે, ડે. મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ઉપરાંત કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, શહેરના હજારો ભાઇ-બહેનો તથા સ્કૂલ-કોલેજના અસંખ્ય છાત્રોએ ભાગ લીધો હતો.

આપણને વારસામાં મળેલી બૌધિક સંપદા છે. યોગ સાધનાથી શરીરમાં રોગ પ્રવેશતા નથી અને રોગ થયેલ હોય તો તે પણ ક્રમશઃ નાબુદ થાય છે. યોગથી તન મન પ્રફુલિત રહે છે અને નવી ઉર્જાનો સંચાર થાય છે. યોગ માનવ માટે તંદુરસ્તીની એક એવી નિઃશુલ્ક કુદરતી ભેટ છે જેને આજે આખું વિશ્વ અનુસરી રહ્યું છે.

આજના દિવસે સૌ સંકલ્પ કરીએ કે, યોગ સાધના આપણા જીવનનો એક અવિભાજ્ય હિસ્સો બનાવીએ.